## અધિક નિવાસી કલેક્ટર તરીકે એ.બી. પટેલ નિમાયા

### ગાંધીનગરમાં નવરાત્રી બીજુ નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના બીજા નોરતે ગાયક કલાકાર પ્રહર વોરા અને ગાર્ગી વોરાના મધુર કંઠે ગરબાના સૂર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બરચોક ખાતે રોક સરસ્વતી ગૃપ ઓફ મ્યુઝીક પાર્ટીના ગાયક હેમંત પંડ્યાના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સેક્ટર-૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે નાગણેશ્વરી કલાવૃંદના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સેક્ટર-૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે દિપલ નાણાંવટીના મધુર કંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સેક્ટર-૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે આર કે ગૃપના સ્વીટુ બારોટના મધુર કંઠે ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જ્યોતિ મહિલા મંડળ દ્વારા બપોરના ૧.૩૦ કલાકે સેક્ટર-૨૩, ખીમજી વિશરામ હોલ ખાતે ફરતા વયજૂથ મુજબની ગરબા સ્પર્ધા યોજાશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સેક્ટર-૩-સી શક્તિ ચોક ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે ખુશી ઓરકેસ્ટ્રાના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સેક્ટર-૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ના નવરાત્રી ચોક ખાતે શીતલ પટેલ અને જયેશ પટેલના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- શક્તિ મંડળ દ્વારા સવારના ૧૦થી ૧૨ કલાક દરમ્યાન સેક્ટર-૨૫ સિદ્ધેશ્વર મંદિર ખાતે નિમિષાબેન પંડ્યાના કંઠે આનંદનો ગરબો યોજાશે.
- ભારત વકાસ પરિષદ, ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા શક્તિની આરાધના કરવા માટે રવિવારના રોજ પંચદેવ મંદિરના પાછળના ભાગે બપોરે ૨.૦૦કલાકે આનંદનો ગરબો યોજાશે.





જ્યોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા સાડા ચાર દાયકાથી વિવિધ વયજૂથ માટે ફરતા વયજૂથના ગરબાનું આયોજન કરવામાં આવે છે. નવરાત્રીના પ્રથમ દિવસે મહિલા મંડળ દ્વારા સેક્ટર-૨૩ સ્થિત નાથીબા કોલેજના હોલમાં આ ફરતા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ થી ૭૫ વર્ષ સુધીના ૧૨૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મહિલા બાળ વિકાસ મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી, કોસમોસ ગ્રુપના સમીર ત્રિવેદી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ તેમજ મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. આ દરમ્યાન જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસીએ નવા પ્રમુખપદે ડૉ. ચેતનાબેન બુચનું નામ જાહેર કરતા સૌએ તેમની નિમણુંકને વધાવી લીધી હતી.

# આ નવરાત્રીમાં કરેક્ટીવ મેક-અપની બોલબાલા

## આ સાથે ફાયરપ્રુફ મેકઅપ અને વોટર પ્રુફ મેક-અપ પણ ઈન-ડિમાન્ડ : બેકલેસ ચોલી પહેરવા એક માસથી બોડી પોલીસીંગ પણ કરાવાય છે

શહેરમાં નવરાત્રીમાં ગરબે ઘુમવા યુવાધન થનગની રહ્યું છે.



ગાંધીનગરની યુવતિઓ દ્વારા નવરાત્રીની તૈયારીઓ માટે ટ્રેડિશનલ ડ્રેસિસ, બલૈયા સહિતના ઓર્નામેન્ટસ વગેરેની સાથે સાથે બ્યુટિ ટ્રીટમેન્ટનો પણ સમાવેશ થાય છે. અત્યારના યુગમાં બેકલેસ ચોલીનું ચલણ યુવતિઓમાં સૌથી વધુ ચાલતુ હોવાથી બોડી પોલીશીંગનો મહિમા ખૂબ વધ્યો છે. આ સાથે ગરબા



રમતા થતા પરસેવાથી ઉતરી ના જાય તેવો વૉટરપ્રૂફ મેકઅપ અને ડાયટીંગની ઝાકમઝોળમાં ચમકી ઉઠે તેવા એચડી મેકઅપની બોલબાલા વધુ ચાલી રહી છે. શહેરની જાણીતી બ્યુટિશિયનોના મતે ગાંધીનગરની યુવતિઓ નવરાત્રીના આગમનના ૨૦ દિવસ પહેલાથી બ્યુટિ ટ્રીટમેન્ટ લેવાનું ચાલુ કરી દે છે. અને તેમનું બજેટ આ માટે રૂ. ૨ હજારથી માંડીને રૂ. ૧૫ હજાર સુધીનું હોય છે.

**કરેક્ટીવ મેકઅપ એ આજની યુવતિઓમાં લોકપ્રિય**

આજના આધુનિક જમાનામાં હવે કરેક્ટીવ મેકઅપનું ચલણ વધ્યું છે. જેના કારણે ભારે ચહેરાને પાતળો અને પાતળા ચહેરાને ભારે પ્રદર્શિત કરી શકાય છે. આ સાથે પોલીશીંગ, ફાયરપ્રુફ મેકઅપ, વૉટર પ્રુફ વગેરેનું ચલણ વધુ છે. ફાયરપ્રુફ મેકઅપથી ગરમીના વાતાવરણમાં



મેકઅપના કારણે ચહેરો શ્યામ પડતો નથી તેમજ તે વૉટરપ્રુફ પણ હોય છે.

**- ક્રિમા તલાટી, મિરર બ્યુટિ સલોન**

નવરાત્રીમાં દરેક યુવતિઓ ૨૦થી ૨૦ દિવસ પહેલાથી તેમની બ્યુટિ ટ્રીટમેન્ટનું પ્લાનીંગ ચાલુ કરી દે છે. તેઓ નવરાત્રી સુધીમાં ત્રણથી ચાર સીટીંગ દ્વારા ફેસિયલ, વેક્સ, બોડી પોલીશીંગ ઉપરાંત ઈન્સ્ટન્ટ ગ્લો માટે કન્સીલર મેકઅપ અને એચડી મેકઅપની માંગ વધુ કરે છે. કન્સીલર કરવાથી પરસેવાના કારણે પણ મેકઅપ જલ્દી ઉતરતો નથી.



**- રૂપલ સોની, મુન-ફેસ બ્યુટિ પાર્લર**

નવરાત્રીમાં દરેક યુવતિ આકર્ષક દેખાવા માટે સજાગ હોય છે. તેથી સતત પરિશ્રમ, થાક, પરસેવા વગેરેના કારણે તેનો મેકઅપ ઝાંખો ના પડે તે માટે એચ.ડી. મેકઅપ અને વૉટરપ્રુફ મેકઅપનો આગ્રહ રાખે છે. જેમાં યોગ્ય પ્રકારનું ફાઉન્ડેશન તથા મટીરિયલન્સની ગુણવત્તા સારી કક્ષાની હોય તેવું ખાસ ધ્યાન અપાય છે. ગ્રાહકને તેની શરીરની પ્રકૃતિ, ચહેરાના રોપ તથા સ્કીન ટોનના આધારે બ્યુટિ ટ્રીટમેન્ટ અને મેકઅપની પસંદગી કરવામાં આવે છે. આ માટે અગાઉથી પ્લાનીંગ કરવામાં આવે છે જેમાં આહાર અંગે પણ સાવધાની રાખવાના સૂચનોનો પણ સમાવેશ થાય છે. **- ભાવના રામી, રામી બ્યુટિ કેર**



અખંડ જ્યોત - આસો નવરાત્રિનો પ્રારંભ થયો છે... ઠેર ઠેર નવરાત્રિ મહોત્સવ ઉજવાશે... ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત નવલી નવરાત-૨૦૧૬ના પ્રારંભે આદ્યશક્તિ અંબાજીથી અખંડ લાવી સ્થાપિત કરાઈ હતી તે પૂર્વે આ અખંડ જ્યોતને વાજતે-ગાજતે સેક્ટર-૭થી યાત્રા સ્વરૂપે ગરબા ગ્રાઉન્ડ લઈ જવાઈ હતી ત્યારે ભાવિકો અને સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અધિક નિવાસી કલેક્ટર તરીકે એ. બી. પટેલ નિમાયા


ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર વિજય કાલરિયા આજે વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેમની જગ્યાનો ચાર્જ એ.બી. પટેલને સોંપવામાં આવ્યો છે. એ.બી. પટેલ મહેસુલ વિભાગમાં હાલ ફરજો બજાવી રહ્યા છે તેમને આ વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

કાલરિયા ૩૭ વર્ષની લાંબી નોકરી બાદ આજે વયમર્યાદાને લઈ નિવૃત થયા છે. તેમને ગાંધીનગર મહેસુલી કર્મચારીમંડળ દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. સાંજે યોજાયેલા એક સમારોહમાં તેમનું નિવૃત્ત જીવન સ્વસ્થ રીતે પસાર થાય તેવી શુભકામનાઓ ઉપસ્થિત સૌએ વ્યક્ત કરી હતી.

### કોમર્શિયલ જમીન

સેક્ટર-૩૦ના રંગમંચથી ૧૦૦ ફુટના અંતરે આવેલ ૮૭.૫ ચો.મી. જમીન એક ચો.ફુટના ૭૫૦૦/- ભાવથી દસ્તાવેજ કરીને વેચાણ આપવાની છે. એફ.એસ.આઈ. તથા પાર્કીંગની જગ્યા મળવાપાત્ર છે. આરસીસી બાંધકામમાં, હાલ ચાર શટર છે.



દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દીવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય સમજણથી દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે.

– મહાત્મા ગાંધી

# નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

## તા. ૦૨-૧૦-૨૦૧૬ થી તા. ૦૮-૧૦-૨૦૧૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

### સંદેશો

દર વર્ષની જેમ તા. ૨જી ઓક્ટોબર થી ૮મી ઓક્ટોબર દરમ્યાન ગુજરાત રાજ્યમાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે, જે જાણીને ઘણો જ આનંદ થયો. આ સપ્તાહ દરમ્યાન વ્યસનથી થતા નુકશાન સામે જાગૃતિ લાવવા વિવિધ માધ્યમોથી અલગ અલગ પ્રચાર કરવામાં આવે છે. ગુજરાત રાજ્યની નશાબંધી નીતિના અમલથી ગુજરાત રાજ્ય સુખી, સમૃદ્ધ, શાંત અને સલામત રાજ્ય તરીકે દેશમાં એકમાત્ર રાજ્ય તરીકે ઉપસી આવેલ છે.

રાજ્યની ઔદ્યોગિક શાંતિ અને વિકાસ માટે નશાબંધી નીતિના ચુસ્ત અમલનો ફાળો પણ અગત્યનો છે. નશાબંધી નીતિના અમલથી રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાની આબકારી આવક જતી કરે છે. તે અંગનો મુદ્દો અવાર નવાર ઉપસ્થિત થતો હોવા છતાં આ નીતિના અમલ માટે રાજ્ય સરકાર મક્કમ અને અડગ રહેલ છે. નશાખોર વ્યક્તિ આ કુટેવને સ્વયં પોતે જ તિલાંજલિ આપે તે હેતુથી નશામુક્ત સમાજ બનાવવાના ઉમદા પ્રયાસમાં સરકારના ભગીરથ પ્રયત્નો પણ ટાંચા પડતા હોવાથી આ પ્રચારમાં સંતો, સમાજ સુધારકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજીક કાર્યકરો પણ આગળ આવે તે જરૂરી છે. મદ્યપાન કરતા વર્ગો/જાતિઓની દુર્દશા આપણી નજર સમક્ષ છે. આવા બનાવો ભવિષ્યમાં ન બને તે માટે જાગૃત રહીને આપણે સહુએ પ્રયત્નો કરવા પડશે. આવો આપણે સૌ સાથે મળીને સ્વસ્થ અને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે નશાબંધી અને આબકારી ખાતા દ્વારા ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહની શાનદાર ઉજવણી કરીએ.

જય હિંદ.

**(ઓ.પી. કોહલી)**
**(રાજ્યપાલ, ગુજરાત રાજ્ય)**



ગુજરાતની પવિત્ર ભૂમિ એ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ રહી છે. એમના જન્મ દિને એટલે કે તા. ૨ ઓક્ટોબરથી નશાબંધી અને આબકારી ખાતા દ્વારા દર વર્ષની જેમ તા. ૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૧૬ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. જે જાણીને ઘણા હર્ષની લાગણી અનુભવું છું.

નશાબંધી નીતિને ચુસ્તપણે વળગી રહેવાના રાજ્ય સરકારના અભિગમને હું બિરદાવું છું. રાજ્યમાં નશાબંધી નીતિના અમલથી ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં એક સુખી, સમૃદ્ધ, શાંતિ અને સલામત રાજ્ય તરીકેનું ગૌરવ ધરાવે છે.

રાજ્યમાં ઔદ્યોગિક ક્રાંતિ અને વિકાસ માટે નશાબંધી નીતિના ચુસ્ત અમલનો ફાળો પણ અગત્યનો છે. નશાબંધી નીતિનો અમલ કરીને રાજ્ય સરકાર પ્રતિ વર્ષ કરોડો રૂપિયાની આબકારી આવક ગુમાવે છે. તે અંગેનો મુદ્દો અવાર નવાર ઉપસ્થિત થતો હોવા છતા આ નીતિના અમલ માટે રાજ્ય સરકાર મક્કમ અને અડગ રહી છે. દારૂ સેવનની આ કુટેવને નશાખોર વ્યક્તિ સ્વંય જ તિલાંજલી આપે તે હેતુથી અને નશામુક્ત સમાજ બનાવવાના ઉમદા પ્રયાસમાં સરકારના ભગીરથ પ્રયત્નો પણ ટાંચા પાડે છે, એ કારણે આ પ્રયાસમાં સંતો, સમાજ સુધારકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજીક કાર્યકરો પણ આગળ આવે તે જરૂરી છે. મદ્યપાન કરતા વર્ગો-જાતિઓની દુર્દશા આપણી નજર સમક્ષ છે. તાજેતરમાં થયેલ લઠ્ઠાકાંડમાં ઘણા ગરીબ પરિવારો ભોગ બન્યા છે. આવા બનાવોનું પુનરાવર્તન સૌના માટે અત્યંત દુઃખની વાત છે. લઠ્ઠાકાંડ જેવી કરૂણાંતિકાને બનતા અટકાવવા સખત નશ્યતની જોગવાઈ થકી રાજ્ય સરકાર નશાબંધી ઝુંબેશને વ્યાપક બનાવવા કટિબદ્ધ છે. આવો. આપણે સૌ સાથે મળીને સ્વસ્થ અને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે નશાબંધી આબકારી કચેરી દ્વારા સમાજમાં આવનાર નશાબંધી સપ્તાહની અસરકારક ઉજવણી કરીને "સ્વર્ણિમ ગુજરાતનું" સ્વપ્ન સાકાર કરીએ.

**(વિજય રૂપાણી)**
**(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**

ગુજરાતના પનોતા પુત્ર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારો અને આદર્શોને ચરિતાર્થ કરી રહેલ ગુજરાત રાજ્યમાં મહાત્મા ગાંધીજીના જન્મ દિનથી એક અઠવાડિયા માટે નશાબંધી સપ્તાહની ઉજવણીનો એક સામાજિક ઉત્થાન માટેનો પ્રયાસ હાથ ધરાયેલ હતો.

નશામુક્ત આદર્શ સમાજની રચનાના ઉદેશ સાથે રાજ્યમાં નશાબંધી કાયદાનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો છે. સામાજિક બદી સામે જાગૃતિ લાવવા સરકારશ્રીના નશાબંધી ખાતા દ્વારા વિવિધ કાર્યક્રમો તેમજ વ્યસન મુક્તિ માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

ફક્ત કાયદાથી જ નશાબંધીનો અમલ નહીં, પરંતુ સ્વયં સંકલ્પ થકી પણ નશાથી દુર રહેવાની પ્રેરણા આપવાના કાર્યક્રમના આયોજન બદલ નશાબંધી ખાતાને અભિનંદન પાઠવું છું.

જાણીને ગર્વ થાય છે કે રાજ્યનું નશાબંધી અને આબકારી ખાતુ મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨.૧૦.૨૦૧૬ થી તા. ૦૮.૧૦.૨૦૧૬ સુધી નશાબંધી સપ્તાહ ઉજવી રહેલ છે.

આ સામાજીક દૂષણને કાયદાના અમલીકરણની સાથો-સાથ લોક જાગૃતિ થકી અને સ્વયં સંકલ્પને સથવારે રાજ્યમાંથી નાબુદ કરવામાં આ નશાબંધી સપ્તાહ ઉજવણીનો કાર્યક્રમ સફળ બને તેવી શુભકામના સાથે નશાબંધી અને આબકારી વિભાગને મારી શુભેચ્છાઓ પાઠવું છું.

**(પ્રદિપસિંહ જાડેજા)**
**(ગૃહ મંત્રી, ગુજરાત રાજ્ય)**